જા.નં.મા-૧/નોં.પ્ર/૨૦૨૨/૭૭૫૮

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩,જિલ્લાસેવાસદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.
તા.૨૧/૦૪/૨૦૨૨ ૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ
સુરત, જિ.સુરત

**વિષય:** નોંધણી પ્રમાણપત્રમાં સુધારો કરવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા માધ્યમિક અને ઉચ્ચતર વિભાગના નોંધણી પ્રમાણપત્ર મોકલવામાં આવેલ છે. તા.૨૨/03/૨૦૨૨ ને મંગળવારના રોજ S.V.S – ૧ થી S.V.S – ૧૪ ના નોંધણી પ્રમાણપત્રો વિતરણ કરવામાં આવેલ. આ સાથે જોડેલ પત્ર મુજબ જે શાળાઓના પ્રમાણપત્રોમાં સુધારો જણાય છે તેમણે બન્ને નોંધણી પ્રમાણપત્રો અસલમાં રજુ કરવાના રહેશે અને સાથે બન્ને પ્રમાણપત્રોની નકલ મુકવાની રહેશે જેમાં જે સુધારો લાગુ પડતો હોય તે લાલ પેનથી અન્ડરલાઇન કરી બાજુમાં સુધારો દર્શાવાનો રહેશે. તેમજ આ સાથે સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ, ગાંધીનગરના નામનો રૂ.૧૦૦/- નો ડી.ડી. રજુ કરવાનો રહેશે. આગાઉ જે શાળાઓએ સુધારા માટે રજુઆત કરેલ છે તેમણે અસલ નોંધણી પ્રમાપત્રો તેમજ રૂ.૧૦૦/-નો ડી.ડી. તા.૨૫/૦૪/૨૦૨૨ બપોરે 03:00 વાગ્યા સુધીમાં રજુ કરવાના રહેશે. ત્યારબાદ જ જે તે શાળાઓના નોંધણી પ્રમાણપત્રોમાં સુધારો થશે. પત્રની નકલ આ સાથે સામેલ છે.

બીડાણ -ઉપર મુજબ

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત.

ક્રમાંક: મઉમશબ/શાનિ/ ૧૭૬૯-૨૭૦।
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર મધ્યમિક શિક્ષણ બોર્ડ
સેકટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. ૨૧/૫/૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ, ગુજરાત રાજ્ય.

વિષયઃ- માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને અપાયેલ નોંધણી પ્રમાણપત્રમાં સુધારા બાબત.
સંદર્ભ: અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મઉમશબ/શાનિ/૨૦૨૨/૧૪૭૦/૧૫૦૩, તા.૧૦/૦૩/૨૦૨૨.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુજરાતની તમામ શાળાઓના નોંધણી પ્રમાણપત્ર અત્રેથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મારફતે શાળાને પહોંચાડવામાં આવેલ છે. આ નોંધણી પ્રમાણપત્રમાં શાળા દ્વારા થયેલ ક્ષતિમાં જો કોઈ સુધારો હોય તો તે માટેની સૂચનાઓ અત્રેની કચેરીના સંદર્ભ પત્રથી કરવામાં આવેલ છે. જેમાં નીચે દર્શાવ્યા મુજબ સમયની મર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા જણાવેલ છે.

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | તાલુકા કક્ષાએ વિતરણ | તા.૧૪/૦૩/૨૦૨૨ થી તા.૨૩/૦૩/૨૦૨૨ |
| ૨ | સુધારા માટે શાળાની રજૂઆત સ્વીકારવી | તા.૨૩/૦૪/૨૦૨૨ |
| ૩ | બોર્ડને સુધારા માટે મોકલવી | તા.૩૦/૦૪/૨૦૨૨ |

જે મુજબ આપની કક્ષાએથી શાળાઓને આ બાબતની જાણ કરી જો કોઈ શાળાના નોંધણી પ્રમાણપત્રમાં કોઈ ક્ષતિ હોય તો સંદર્ભ દર્શિતપત્રની સૂચનાની અમલવારી કરવાની રહેશે.

બિડાણ -સંદર્ભ દર્શિત પત્ર.

(ડી. એસ. પટેલ)
સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

ક્રમાંક:મઉમશબ/શાનિ/૨૦૨૨/૨૪૭૦-૨૫૦૩

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

સેકટર-૧૦ બી, જુના સચિવાલય પાસે,

ગાંધીનગર. તા.૧૦/૦૩/૨૦૨૨

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ,

ગુજરાત રાજ્ય.

વિષય :- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને નોંધણી પ્રમાણપત્ર અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ની પુસ્તિકાના વિતરણની વ્યવસ્થા ગોઠવવા બાબત.

સંદર્ભ :- અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/શાનિ/૨૦૨૨/૧૨૦૯-૪૨, તા.૨૩/૦૨/૨૦૨૨

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અનુસંધાને જણાવવાનું કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા સંદર્ભ પત્રથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ની પાંચમી આવૃત્તિની પુસ્તિકાઓ આપના જિલ્લાના પ્રતિનિધિ મારફતે પહોંચાડવામાં આવેલ છે. સંદર્ભ પત્રમાં શાળા નોંધણી પ્રમાણપત્ર વિતરણ અંગે પણ ઉલ્લેખ કરવામાં આવેલ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા રજીસ્ટર થયેલી માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને શાળા નોંધણી પ્રમાણપત્રો વર્ષ-૧૯૯૭ માં ઈસ્યુ કરવામાં આવેલ હતા. ત્યારબાદ વર્ષ-૨૦૨૨ માં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર સાથે સંલગ્ન શાળાઓ માટે નવેસરથી શાળા નોંધણી પ્રમાણપત્રો તૈયાર કરવામાં આવેલ છે. ઉક્ત શાળા નોંધણી પ્રમાણપત્રની વહેંચણી માટે નીચેની બાબતો ધ્યાને લેવાની રહેશે.

શાળા નોંધણી પ્રમાણપત્ર વિતરણ દરમિયાન જિલ્લા શિક્ષણાધિકારી કચેરીએ ધ્યાનમાં લેવાની બાબતો. :-

(A) બોર્ડ સાથે રજીસ્ટર થયેલ દરેક માધ્યમિક વિભાગની શાળાને અને રજીસ્ટર થયેલ ઉચ્ચતર માધ્યમિક વિભાગની શાળાને બે (૦૨) અલગ નમૂનામાં નોંધણી પ્રમાણપત્રો આપવામાં આવેલ છે.

(૧) એક નકલ A-4 સાઈઝમાં લેમિનેટેડ શાળા નોંધણી પ્રમાણપત્ર. (શાળાની ફાઈલમાં રાખવા માટે)

(૨) એક નકલ A-3 સાઈઝમાં લેમિનેટેડ શાળા નોંધણી પ્રમાણપત્ર. (શાળામાં દરેક વ્યક્તિ જોઈ શકે તે પ્રમાણે પ્રદર્શીત કરવા માટે)

(B) માર્ચ-૨૦૨૨ ની જાહેર પરીક્ષા માટે શાળા મારફતે નિયમિત (રેગ્યુલર) ઉમેદવારોના આવેદનપત્રો ભરવામાં આવેલ છે. તે જ શાળાઓને શાળા નોંધણી પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.

(C) માર્ચ-૨૦૨૨ ની જાહેર પરીક્ષામાં માધ્યમિક વિભાગ (SSC) અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ (HSC) માટે રજીસ્ટર થયેલ શાળાઓની સંખ્યાના આધારે માધ્યમિક વિભાગ માટે અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે અલાયદા શાળા નોંધણી પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. (જિલ્લાવાર Index No ના આધારે આપવામાં આવેલ નોંધણી પ્રમાણપત્રોની સંખ્યા દર્શાવતું Patrak-A)

(D) જિલ્લા કક્ષાએથી શાળા નોંધણી પ્રમાણપત્ર શાળાઓને વિતરણ કરવા માટે Patrak-B મુજબ વિતરણ યાદી ઈ-મેઈલ કરવામાં આવેલ છે. જેમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ની પાંચમી આવૃત્તિ શાળાદીઠ માધ્યમિક વિભાગ માટે એક (૦૧) પુસ્તિકા અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે એક (૦૧) પુસ્તિકાનું વિતરણ કરવાનું રહેશે.

Index No. મુજબ શાળા નોંધણી પ્રમાણપત્રની A-3 સાઈઝની એક (૦૧) નકલ અને શાળા નોંધણી પ્રમાણપત્રની A-4 સાઈઝની એક (૦૧) નકલ વિતરણ કરવાની રહેશે. વિનિયમ પુસ્તિકા અને નોંધણી પ્રમાણપત્ર મળ્યા બદલ શાળા પ્રતિનિધિની સહી લેવાની રહેશે.

(E) માર્ચ-૨૦૨૨ ની પરીક્ષાના સંદર્ભે ઑક્ટોબર-૨૦૨૧ માં સ્કૂલ રજીસ્ટ્રેશન અને ટીચર રજીસ્ટ્રેશન દરમિયાન દરેક શાળાઓને નોંધણી પ્રમાણપત્ર ચકાસણી માટે વેબસાઈટ ઉપર નમૂનો ઉપલબ્ધ કરાવવામાં આવેલ અને ઉક્ત નમૂનાના નોંધણી પ્રમાણપત્રમાં દર્શાવેલ વિગતોમાં કોઈ ક્ષતિ હોય તો તે સુધારા માટે રજૂઆત કરવા બોર્ડના ઈ-મેઈલ gsebhelp@gmail.com પર સુધારા માટે રજૂઆત મેળવવામાં આવેલ.

(F) જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા બોર્ડ સાથે નોંધાયેલ શાળાઓએ કરેલ ઓનલાઈન સ્કૂલ રજીસ્ટ્રેશન અને ટીચર રજીસ્ટ્રેશન પૂર્ણ કર્યા બાદ અને પરીક્ષાના આવેદનપત્રો ભર્યા અગાઉ શાળા દ્વારા કરેલ ઓનલાઈન રજીસ્ટ્રેશનની વિગતોની ચકાસણી કરીને જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા એપ્રૂવ કરવામાં આવેલ છે. ઉક્ત એપ્રૂવ થયેલ શાળા રજીસ્ટ્રેશનના ડેટાનો ઉપયોગ કરીને નોંધણી પ્રમાણપત્ર તૈયાર કરેલ છે. જેથી શાળા નોંધણી પ્રમાણપત્રોમાં છાપવામાં આવેલ વિગતોની ચકાસણી વિતરણ પ્રક્રિયા પહેલાં થઈ જાય તેવી વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

(G) શાળા નોંધણી પ્રમાણપત્રમાં દર્શાવેલ વિગતોમાં સ્કૂલ દ્વારા ઓનલાઈન વિગતોમાં ભરેલ માહિતીના આધારે તૈયાર કરેલ હોય કોઈપણ પ્રકારની ક્ષતિ હોય તો તે શાળાની ભૂલ ગણાશે. આવી શાળાએ સુધારાવાળુ નોંધણી પ્રમાણપત્ર મેળવવા માટે શાળાના લેટરહેડ ઉપર તેઓની રજુઆત, અત્રેથી આપવામાં આવેલ A-3 અને A-4 સાઈઝના અસલ શાળા નોંધણી પ્રમાણપત્રો અને A-4 સાઈઝના પ્રમાણપત્રની ઝેરોક્ષ કોપીમાં જે વિગત સુધારવાની છે તે વિગત ઉપર લાલ શાહી વાળી પેનથી રાઉન્ડ કરીને સુધારો દર્શાવવાનો રહેશે અને જરૂરી આધાર સાથે સુધારા માટે શાળા નોંધણી પ્રમાણપત્ર દીઠ રૂ. ૧૦૦/- ફી જમા કરાવ્યેથી સુધારાવાળુ શાળા નોંધણી પ્રમાણપત્ર બોર્ડ દ્વારા ઈસ્યુ કરવામાં આવશે.

(H) ભૂલવાળા શાળા નોંધણી પ્રમાણપત્રમાં સુધારાની રજૂઆત જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં કરવાની રહેશે અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરીએ જિલ્લામાં મળેલ તમામ રજૂઆતો સંયુક્ત રીતે બોર્ડને મોકલવાની રહેશે. બોર્ડ દ્વારા સુધારાવાળા નોંધણી પ્રમાણપત્રો જિલ્લા શિક્ષણાધિકારી મારફતે શાળાઓને પહોંચાડવામાં આવશે.

(I) શાળા નોંધણી પ્રમાણપત્ર શાળાને મળેલ છે અને તેમા કોઈ ક્ષતિ નથી તે બાબતનું પ્રમાણપત્ર શાળાના લેટરહેડ પર દરેક શાળા પાસેથી મેળવવાનું રહેશે. (નમૂનો - અ મુજબ)

(J) કેટલીક શાળાઓ દ્વારા ઓનલાઈન માહિતી આપવામાં આવેલ છે તે અધુરી કે ભૂલ ભરેલી જણાતાં બોર્ડ દ્વારા આવી શાળાઓને શાળા નોંધણી પ્રમાણપત્ર આપવામાં આવેલ નથી. તેવી શાળાઓની વિગત આ સાથે સામેલ Patrak-C મુજબ છે. આવી શાળાઓએ બોર્ડની વેબસાઈટ ઉપર જઈને સ્કૂલ રજીસ્ટ્રેશનની વિગતો ચકાસીને તેઓની ભૂલ સુધાર્યા બાદ તેઓને શાળા નોંધણી પ્રમાણપત્રો ઈસ્યુ કરવામાં આવશે.

(K) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ની પુસ્તિકા અને શાળા નોંધણી પ્રમાણપત્ર વિતરણ માટે નીચે દર્શાવ્યા મુજબ સમયપત્રની મર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા અનુરોધ છે.

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | તાલુકા કક્ષાએ વિતરણ | તા.૧૪/03/૨૦૨૨ થી તા.૨૩/03/૨૦૨૨ |
| ૨ | સુધારા માટે શાળાની રજૂઆત સ્વીકારવી | તા.૨૩/૦૪/૨૦૨૨ |
| ૩ | બોર્ડને સુધારા માટે મોકલવી | તા.30/૦૪/૨૦૨૨ |

(ડી. એસ. પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

બિડાણ :-

- Patrak – A, Patrak – B, Patrak – C અને નમૂનો – અ